કુખ્યાત ગેંગસ્ટર બસ્તીખાન ઝડપાયો

ગાંધીનગર,તા.૪

ગાંધીનગર શહેરની સેકટર-૮ સેન્ટ ઝેવિયર્સ સ્કુલ પાસેથી શહેરમાં ધાડના ગુનાને અંજામ આપવા આવેલા અમદાવાદના ગેંગસ્ટર બસ્તીખાન અને તેની ગેંગના સભ્યોને એલસીબી પોલીસે ઘાતક હથીયારો સાથે દબોચી લીધા હતા. તે સમયે બસ્તીખાન ભાગી જવામાં સફળ રહ્યો હતો. ત્યારે એલસીબી-૨ ની ટીમે બસ્તીખાનને પકડી પાડવા માટે કમરકસી હતી. આખરે બસ્તીખાનને પોલીસે દબોચી લઈ ત્રણ દિવસના રિમાન્ડ મેળવી પુછપરછ શરુ કરવામાં આવી છે. ત્યારે આગામી સમયમાં ધાડ પ્રકરણમાં વધુ વિગતો બહાર આવી શકે છે.

મળતી વિગત મુજબ શહેરમાં ઘાતક હથીયારો સાથે ધાડ ના ગુનાને અંજામ આપી તરખાટ મચાવે તે પહેલા જ સેકટર-૮ પાસે થી એલસીબી પોલીસના હાથે બસ્તીખાન પઠાણ ગેંગના સભ્યો પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. જેમાં ફીરદોશ ઈસ્માઈલ ખીલજી (મિરઝાપુર અમદાવાદ),ગૌતમ વિનોદભાઈ મકવાણા (અરવિંદ મીલની ચાલી બાપુનગર), ધર્મેશ કેશવભાઈ પાટડીયા (બાપુનગર), અલ્પેશ દિપકભાઈ કતપરા (બાપુનગર), અને કમલેશ મનુભાઈ વસાવા (ઈન્દ્રોડા)તેમજ નિકીન કાનજીભાઈ પટેલ (કુડાસણ) નો સમાવેશ થાય છે. ત્યારે આ ઉપરાંત અન્ય ૬ સભ્યની ગેંગ બસ્તીખાનની આગેવાનીમાં દર્શનસિંહ ઉર્ફે ગોપી ચાવડા સાથે સટ્ટાની ઉઘરાણી માટે ધાડના ગુનાને અંજામ આપવા આવ્યા હોવાનું સામે આવ્યું હતું. આ પ્રકરણમાં એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલા એ ઉંડાણપૂર્વક તપાસ કરતા દર્શનસિંહ ઉર્ફે ગોપી ચાવડા પણ ઉપરોકત ગેંગ સાથે આડકતરી રીતે સટ્ટા નેટવર્કમાં સંડોવાયેલ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આ ગુનામાં નાસતા ફરતા આરોપી અઝીજુર રહેમાન રિયાજુર રહેમાન સૈયદ પણ પણ પકડી પાડ્યો હતો. સમગ્ર પ્રકરણનો માસ્ટર માઈન્ડ બસ્તીખાન પઠાણની ધરપકડ કરી ત્રણ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. ત્યારે આ પ્રકરણમાં વધુ વિગતો બહાર આવે તેવી શકયતાઓ છે.

માણસા તાલુકાના પારસા ખાતે કે.આર. પટેલ એન્ડ એચ.એમ. પટેલ સાર્વજનિક સ્કૂલ ખાતે ઉપરવાસ સાહિત્ય સભા આયોજિત પ્રકૃતિ સંવર્ધન ઉત્સવ ૨૦૨૧ અંતર્ગત વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો તે પ્રસંગની તસવીર.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આઈસીસીયુ વોર્ડ આજથી ત્રીજા મજલે કાર્યરત થઈ જશે. કોવિડ-૧૯ના દર્દીઓને પાંચમે માળે રાખવાનો નિર્ણય.
- ગાંધીનગર શહેરમાં કંકોડા દેખાયા છે પણ તેના આસમાની ભાવથી ગ્રાહકો ચિંતાતુર જોવા મળ્યા હતા.
- ૭મી જુલાઈ સુધી જિલ્લામાં વરસાદ પડવાની શકયતા નહિ હોવાનું હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટિનમાં જણાવાયુ છે. મહત્તમ તાપમાન ૩૩-૩૮ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭-૨૮ ડિગ્રી સે. રહેવાની સંભાવના પણ વ્યક્ત કરાઈ છે.
- ગાંધીનગર શહેરની રથયાત્રાનો રૂટ આજે રથયાત્રા સમિતિ દ્વારા જાહેર થશે.
- જિલ્લા કલેક્ટરે પ્લાસ્ટીક પ્રતિબંધના આદેશોનું પાલન કરી દંડનીય કાર્યવાહી કરવાની સૂચનાઓ નગરપાલિકાના ચીફ ઓફિસરોને આપી છે.
- જિલ્લામાં આજે રજાના દિવસે પણ ૭૫૦૦ થી વધુ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- જિલ્લા ભાજપની કારોબારી સમિતિની વર્ચ્યુઅલ બેઠક મળી હતી.
- માણસા ડિસ્ટ્રીકટ સબ હોસ્પિટલને જનરેટર સેટની ભેટ ઓસ્ટ્રેલિયામાં વસતા તાલુકાના નાગરિકોએ આપી છે.

મગોડીના તલાટી-કલાર્કે સહી-સિક્કાના રૂ.૧૦ હજાર માંગ્યા, કલાર્ક એસીબીના હાથે ઝડપાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર-દહેગામ માર્ગ પર આવેલા મગોડી ગામના નાગરીક પાસે રેશનીંગ કાર્ડ અલગ નીકાળવા માટે સહી સિક્કા કરી આપવા માટે મગોડી ગ્રામ પંચાયતના તલાટી અને કલાર્ક દ્વારા રૂ.૧૦ હજારની લાંચની માંગ કરાઈ હતી. ત્યારે એસીબી દ્વારા ગોઠવાયેલા છટકામાં લાંચની રકમ લેતા કલાર્ક રંગેહાથ ઝડપાઈ ગયો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મગોડી ગામના ફરીયાદી પહેલા સંયુકત પરિવાર માં સાથે રહેતા હતા. ત્યારબાદ ફરીયાદી અન્ય સ્થળે રહેવા જતા હોવાથી અલગ રેશનીંગ કાર્ડ નીકાળવાની જરુરીયાત ઉભી થઈ હતી. જેને પગલે ગાંધીનગર કલેકટર કચેરી ખાતે અરજી પણ કરી હતી. જેને પગલે તેમને રેશનકાર્ડ મળી ગયું હતું.જેથી રેશનકાર્ડ માટે મગોડી ગામના નાગરીક હોવાનો દાખલો ગ્રામ પંચાયતની કચેરીથી લેવાનો હતો. જેને પગલે ફરીયાદી મગોડી ગ્રામ પંચાયત કચેરી જઈ તલાટી કમ મંત્રી મેહુલ પ્રફુલચંદ્ર મિસ્ત્રીનો સંપર્ક કર્યો હતો.જયાં સહી-સિક્કા કરી આપવાના અવેજમાં તલાટી કમ મંત્રી તેમજ કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર વિક્રમજી ભીખાજી ઠાકોર દ્વારા રૂ.૧૦ હજારની લાંચની માંગણી કરાઈ હતી.જે અંતર્ગત ફરીયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીમાં ફરીયાદ કરી હતી. એસીબીના મદદનીશ નિયામક એ.કે.પરમારના સુપરવિઝન હેઠળ ગાંધીનગર એસીબી પોલીસ મથકના એચ.બી.ચાવડા સહિતની ટીમ દ્વારા ટ્રેપનું આયોજન કરાયું હતું. ડભોડા ત્રણ રસ્તાની બાજુમાં ફરીયાદીની પાર્ક કરેલી ગાડીમાં વિક્રમજી ભીખાજી ઠાકોર લાંચ લેવા માટે આવ્યો હતો. થોડીઘણી વાતો કર્યા પછી ફરીયાદીએ રૂ.૧૦ હજાર આપતા જ વિક્રમજી ભીખાજી ઠાકોરે લાંચની રકમ સ્વીકારી હતી. તે સમયે અગાઉ થી ગોઠવાયેલા છટકામાં વિક્રમજીને એસીબીની ટીમે રંગેહાથ પકડી પાડ્યા હતા. કોમ્પ્યુટર ઓપરેટર વિક્રમની અટકાયત કરીને તલાટી મેહુલ પ્રફુલ્લચંદ્ર મિસ્ત્રી અંગે તપાસ કરતા તે મળી આવ્યો ન હતો. ત્યારે ગાંધીનગર એસીબી દ્વારા સફળ ટ્રેપ થયાની જાણ ચોતરફ વાયુવેગે ફેલાતા ચકચાર મચી જવા પામી હતી.

ચિલોડા-શિહોલી ગૃપ માધ્યમિક શાળામાં વૃક્ષારોપણ કરાયું

ચિલોડા, તા. ૪

ચોમાસાનો વિધિવત રીતે શુભારંભ થઈ ગયો છે જેને લઈને ૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીની સાથોસાથ વિવિધ સંસ્થાઓ દ્વારા વૃક્ષ એજ જીવનના સુત્રને ચરિતાર્થ કરવા ચિલોડા સ્થિત ચિલોડા, શિહોલી ગૃપ માધ્યમિક શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કાર્યક્રમ શિક્ષકો દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં શાળાના ઉત્સાહી વ્યાયામ શિક્ષક પ્રિતેશભાઈ પટેલ સહિત વૃક્ષોનું જતન કરવાના સંકલ્પ સાથે શાળાના અન્ય શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

પેથાપુર પોલીસે દારૂ પ્રકરણમાં અડધી રકમમાં સમાધાન કર્યું હોવાની ચર્ચા

ગાંધીનગર, તા.૪

પેથાપુર પોલીસ મથક વિસ્તારમાંથી તાજેતરમાં દારૂની ગણીગાંઠી બોટલ સાથે એક ફોલ્ડર પોલીસના હાથે ઝડપાયો હતો. ત્યારે આ કેસમાં બુટલેગરનુ નામ નહી ખોલવા માટે પોલીસે રૂપીયાની માંગ કરી હતી. જો કે પોલીસે વધુ રૂપીયાની માંગ કરતા ૫૦ ટકા રકમમાં મામલો થાળે પડ્યો હોવાનુ સામે આવ્યું છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લામાં ચાલતી ગુનાહિત પ્રવૃતિઓ ડામવા માટે પહેલા થી પોલીસ વડા એ આદેશ આપ્યા છે. તે ઉપરાંત દારૂ-જુગારની બદી દુર કરવા માટે કડક અમલવારી કરવા માટે પણ જણાવાયું છે. ત્યારે કેટલાક પોલીસ કર્મચારીઓ જિલ્લા પોલીસ વડાના આદેશનો અનાદર કરતા હોય તેવુ લાગી રહ્યું છે. પેથાપુર પોલીસ મથકના કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા તે સમયે વિસ્તારમાંથી દારૂની ગણીગાંઠી બોટલ લઈને જતો ફોલ્ડર પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. પોલીસે દારૂ લઈને જતા ફોલ્ડર સામે પ્રોહી એકટ મુજબ ગુનો પણ નોંધ્યો છે. પરંતુ પોલીસ કર્મચારીઓએ આ મામલાને અહી જ રફેદફે કરવા માટે એક લાખ થી વધુ રૂપીયાની માંગ કરી હોવાનું ધ્યાને આવ્યું છે. તે ઉપરાંત તપાસમાં બુટલેગરનુ નામ ખોલવામાં નહી આવે તેની સામે કાર્યવાહી કરવામાં નહી આવે તેવી બાંહેધરી આપી હતી. પરંતુ રૂપીયાની માંગ વધુ હોવાથી પોલીસ કર્મચારીઓ અને સામે પક્ષે કશ્મકશ ચાલી રહી હતી. ત્યારબાદ સમાધાન સ્વરુપે માંગી હતી તેના કરતા અડધી રકમ લઈ આ પ્રકરણ પર પડદો પાડી દેવાયો હતો. ત્યારે આ પ્રકરણ અંગે જિલ્લા પોલીસ વડા દ્વારા શું પગલા ભરવામાં આવે છે તે જોવું રહ્યું..?

ચિલોડા બાલમંદિરમાં નાના ભુલકાંઓને ગણવેશનું વિતરણ

ચિલોડા, તા.૪

આંગણવાડીમાં અભ્યાસ કરતા નાના ભુલકાંઓને ગણવેશ આપવાનું નક્કી કર્યુ છે. જે અંતર્ગત તાજેતરમાં રાજયકક્ષા અને જિલ્લાકક્ષાએ કાર્યક્રમ યોજાયો હતો. મુખ્યમંત્રી દ્વારા નાના ભુલકાંઓને ગણવેશ આપીને શુભારંભ કરાવ્યો હતો. ત્યારે ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ખાતે બાલમંદિરમાં અભ્યાસ કરતાં બાળકોને ગણવેશનું વિતરણ કરાયું હતુ. ત્યારે બાળકોના વાલીઓ અને શિક્ષિકા બહેનો તથા ભુલકાંઓએ ગાઈડલાઈન પ્રમાણે માસ્ક પહેરી ઉપસ્થિત રહ્યા હતા.

ઘરમાં રહો સુરક્ષિત રહો

કલેક્ટર પોઝિટીવ વિચારે પણ તેમનો સ્ટાફ નેગેટીવ હોય તો CMનો ઉપદેશ વ્યર્થ જશે

રાજ્યના મહેસૂલ વિભાગના અધિક મુખ્યસચિવ કમલ દાયાણી હાલ વિભાગમાં રેવન્યુની ફાઈલોનો અભ્યાસ કરી રહ્યાં છે. સામાન્ય વહીવટ વિભાગમાંથી રેવન્યુમાં પોસ્ટીંગ થયા પછી તેમણે મોટાભાગનો સ્ટાફ યથાવત રાખ્યો છે, કેમ કે તેમને હજી વિભાગની કામગીરી સમજવાની છે. તેમના પૂરોગામી અને હાલના ગૃહ વિભાગના અધિક મુખ્યસચિવ પંકજકુમારે વિભાગમાં મોટાપાયે સાફસુફી કરી દીધી હતી. કેટલાક અપ્રમાણિક અધિકારીઓ કે જેઓ સંવેદનશીલ જગ્યાએ પોસ્ટીંગ ધરાવતા હતા તેમને ખસેડી અન્ય નોન પરફોર્મન્સ સ્થાને મૂક્યા હતા. તેમનો આશય રેવન્યુમાંથી ભ્રષ્ટાચાર દૂર કરવાનો હતો પરંતુ જિલ્લા કલેક્ટર કચેરીઓના ભ્રષ્ટાચારને તેઓ દૂર કરી શક્યા નથી. રાજ્યમાં એવા કેટલાક જિલ્લા છે કે જ્યાં હજી પણ વહીવટદારોનું શાસન ચાલી રહ્યું છે. સચિવાલયથી આવેલા આદેશમાં જિલ્લા વહીવટી તંત્ર સકારાત્મક પ્રતિભાવ આપતું નથી. તાજેતરમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટરોની કોન્ફરન્સ યોજવામાં આવી હતી જેમાં તમામ કલેક્ટર અને ડીડીઓને બોલાવવામાં આવ્યા હતા. વહીવટમાં સ્પષ્ટતા અને નકારાત્મકતાને દૂર કરવાની સલાહ આપવામાં આવી છે. સ્વર્ણિમ સંકુલમાંથી આ ઓફિસરોને વહીવટના પાઠ અને વિભાગના પ્રશ્નો દૂર કરવાના ઉપદેશ આપવામાં આવ્યા છે પરંતુ આ ઉપદેશનું પાલન જિલ્લા કચેરીઓ કેવી રીતે કરશે તે સવાલ છે. માની લઈએ કે જિલ્લા કલેક્ટરના ગળે સકારાત્મક બાબતો ઉતરે છે પરંતુ તેમની કચેરીના અન્ય અધિકારી કે કર્મચારીઓને કોણ પાઠ ભણાવશે તે નક્કી નથી, પરિણામે નેગેટિવિટીથી ભરેલો વહીવટ ઝડપથી લોકકલ્યાણના કામો કરી શકતો નથી.

કોરોનાએ રાજ્યમાં ૪૦૦૦ બાળકોને નિસહાય કરી દીધા...

કુદરતી કે માનવસર્જીત આપત્તિ જ્યારે આવે છે ત્યારે સૌથી વધુ નુકશાન નવી પેઢી એટલે કે બાળકોને થાય છે. ૨૦૦૧માં કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપે ૧૦૦૦ થી વધુ બાળકોને અનાથ બનાવી દીધા હતા તેવી જ રીતે દોઢ વર્ષથી મંડરાયેલી કોરોના મહામારીએ ૮૦૦ બાળકોને અનાથ બનાવી દીધા છે. એટલું જ નહીં ગુજરાતમાં ૩૨૦૦ બાળકોના માતા કે પિતા છિનવાઈ ચૂક્યાં છે. આ બાળકોનું ભવિષ્ય કોના હાથમાં રહેશે તે નિશ્ચિત નથી. બાળક માટે સરકાર આર્થિક સહાય તો કરે છે પરંતુ તેનું પાલન કોના હાથમાં જાય છે તે મહત્વનું છે. કોરોના સંક્રમણના કારણે ગુજરાતનો એકપણ જિલ્લો બાકાત નથી કે જ્યાં બાળકો અનાથ થયા ન હોય. ડાંગ જેવા નાનકડા જિલ્લામાં પણ ૧૧ બાળકો અનાથ બન્યાં છે. કોરોનાએ રાજ્યમાં ૪૦૦૦ જેટલા બાળકોની છત છિનવી લીધી છે. અનાથ થયેલા બાળકોમાં ૨૨૦ એવાં છે કે જેમની ઉંમર ૧૦ વર્ષ કે તેથી ઓછી છે. સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન પ્રમાણે રાજ્યના સમાજકલ્યાણ વિભાગ તરફથી માતા-પિતા કે બન્નેમાંથી કોઈ એકને ગુમાવનાર બાળકને બાળ સહાય યોજના હેઠળ દર મહિને ૪૦૦૦ રૂપિયા આપવાનું નક્કી કર્યું છે એટલે કે બાળકના પાલન માટે સરકાર દર મહિને ૮૦ લાખ રૂપિયાનો ખર્ચ કરશે. આ સહાય બાળક ૧૮ વર્ષનું થાય ત્યાં સુધી આપવામાં આવશે, ત્યારબાદ ૨૧ વર્ષ સુધી બાળકને ઉચ્ચ અભ્યાસ કે સ્વરોજગાર માટે આફટરકેર યોજનાનો લાભ તેમજ સ્કિલ ડેવલપમેટની તાલીમમાં અગ્રતા અપાશે.

પક્ષી ખતરામાં આવે તો આપણે પણ ખતરામાં છીએ...

મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે -"પૃથ્વી તમામ મનુષ્યોની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે પર્યાપ્ત સંસાધન પ્રદાન કરે છે પરંતુ લાલચ પુરી કરવા માટે નહીં." આજે આપણે લાલચને મોટી બનાવી છે તેથી પૃથ્વી પર વિનાશલીલા શરૂ થઈ છે. જંગલ અને કુરદતી સંપદાનો બેફામ ઉપયોગ શરૂ કર્યો છે તેથી કુદરતી આપત્તિઓએ લોકોને ઘેરી લીધા છે. રોજર ટોરી પીટરસને તો કહ્યું હતું કે -"પક્ષી પર્યાવરણનો સંકેત છે. જો તેઓ ખતરામાં હશે તો આપણે પણ જાણીએ છીએ કે આપણે પણ ઝડપથી ખતરામાં આવવાના છીએ." વિશ્વ પર્યાવરણ દિવસ દર વર્ષે પમી જુલાઈએ મનાવવામાં આવે છે જેનો ઉદ્દેશ લોકોને પર્યાવરણ માટે જાગૃત કરવાનો છે. પ્રકૃત્તિ વિના માનવજીવન કંઈ નથી. મનુષ્ય પાસે ગમે તેટલું લકઝુરિયસ જીવન હોય, રાહતના શ્વાસ, સુકૂન અને શાંતિ તે પ્રકૃત્તિથી જોડાઈને મહેસૂસ કરે છે. બદલાતા સમયમાં લોકોનો પ્રેમ કુદરત તરફ વધ્યો છે. ફ્રેશ ઓક્સિજન મેળવવા મનુષ્ય સંઘર્ષ કરી રહ્યો છે. ૧૯૭૨માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા આયોજીત પર્યાવરણ સંમેલન ચર્ચામાં આવ્યું હતું, ત્યારબાદ આ દિવસ દરવર્ષે મનાવવામાં આવે છે. પમી જૂન ૧૯૭૪થી આ દિવસ પૂર્ણરૂપથી લાગુ કરવામાં આવ્યો હતો. દર વર્ષે એક નવી થીમ પ્રમાણે દિવસની ઉજવણી કરવામાં આવે છે. ઈકોસિસ્ટમ રિસ્ટોરેશન એ ૨૦૨૧ના વર્ષની થીમ છે. આજે પર્યાવરણ અસંતુલન વધતું જાય છે. પ્રકૃત્તિના દોહનથી વૈશ્વિક તાપમાન વધી રહ્યું છે. છેલ્લા કેટલાક દસકાથી તાપમાનમાં ત્રણ થી ચાર ડીગ્રી સેન્ટીગ્રેડનો વધારો થયો છે. ગ્લેશિયર પીગળી રહ્યાં છે અને સમુદ્રની સપાટી વધી રહી છે ત્યારે પર્યાવરણની બચત એકમાત્ર ઉપાય છે.

IPSની ફેરબદલમાં પંકજકુમારનો મહત્વનો રોલ હશે...

પોલીસ વિભાગમાં જે બદલીઓ થવાની છે તેમાં ગૃહ વિભાગના અધિક મુખ્યસચિવ પંકજકુમારનો મોટો ફાળો છે. રેવન્યુમાંથી કાયમી પોસ્ટીંગ મેળવનારા આ અધિકારી બેવડો હવાલો ધરાવતા હતા તેથી છેલ્લા ઘણાં સમયથી તેઓ તેમના આ વિભાગથી પરિચિત છે. ક્યા શહેરમાં ક્યા અધિકારીને પોલીસ કમિશનર બનાવવા, ક્યા જિલ્લામાં ક્યા અધિકારીને એસપી તરીકે પોસ્ટીંગ આપવું તેનો અભ્યાસ પંકજકુમારે અગાઉથી કરી લીધો છે. રાજ્યના વહીવટી તંત્રમાં થયેલા ફેરફાર પછી તેમના વિભાગમાં ઉચ્ચ અધિકારીઓ સાથે પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને ઈન્સ્પેક્ટરની બદલીઓ પણ થવાની છે. વિધાનસભાની ચૂંટણીને ધ્યાને લઈ રાજકીય પ્રેશરમાં કરવાની થતી બદલીઓ પર તેમણે ધ્યાન કેન્દ્રીત કર્યું છે. પંકજકુમાર જો સપ્ટેમ્બરમાં રાજ્યના ચીફ સેક્રેટરી બનશે તો તેમના માટે આ વિભાગ અલ્પજીવી નિવડશે. તેમને આ વિભાગમાં વધુ સમય કામ કરવા નહીં મળી શકે. ખૂબ ઓછા સમયમાં પણ વિભાગમાં પરિવર્તન કરી શકે તેવા આ અધિકારી અત્યારે પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓમાં મહત્વનું સ્થાન ધરાવે છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી, ચીફ સેક્રેટરી અનિલ મુકિમ અને રાજ્યના ડીજીપી આશિષ ભાટીયા સાથે રહીને તેઓ પોલીસ વિભાગના અધિકારીઓમાં ટોપ ટુ બોટમ પરિવર્તન કરે તેવી સંભાવના છે.

૭ વર્ષમાં મોંઘવારીનો માર છતાં કહેવાય અચ્છે દિન...

ગુજરાત સહિત દેશના રાજ્યોમાં મોંઘવારી અને બેકારી વિકરાળ સમસ્યા બની ચૂકી છે ત્યારે કેન્દ્ર અને રાજ્ય સરકાર તેની તિજોરી ભરવામાં પડી છે. લોકોની યાતનાઓ સમજી શકતી નથી. ચૂંટણી સમયે મતોની ભીખ માગતા આ નેતાઓએ કોરોનાની આફતના સમયમાં લોકોથી મ્હોં ફેરવી લીધા છે. વન નેશન વન ટેક્સની ફોર્મ્યુલા લોકોને સમજાવી પરંતુ હજી પણ એવા મોંઘા ટેક્સિસ અમલમાં છે કે જેનાથી પરિવારોની આવક છિન્નભિન્ન થઈ રહી છે. જેટલી ઝડપે ભાવ વધે છે તેટલી ઝડપે પગાર અને આવક વધતી નથી. મોંઘવારીમાં સૌથી વધુ સહન પરિવારની મહિલાઓ કરે છે, જેમણે ભાજપને ખોબલે ખોબલે મત આપ્યા છે. માત્ર છ ચીજવસ્તુ એવી છે કે જેમાં ૭ વર્ષમાં બમણો ભાવવધારો થયો છે. ૨૦૧૪માં કપાસિયા તેલ ૧૦૪૦ અને સિંગતેલ ૧૩૭૦ રૂપિયે મળતું હતું જે ૨૦૨૧માં અનુક્રમે ૨૬૦૦ અને ૨૮૦૦ રૂપિયે મળે છે. આ સમયગાળામાં ૪૦૦નું એલપીજી સિલિન્ડર ૯૦૦ રૂપિયા થયું છે. અમૂલ ગોલ્ડ દૂધનો ભાવ ૪૨ રૂપિયે લીટર હતો તે વધીને ૫૮ રૂપિયા થયો છે. એક કિલો કઠોળના ભાવ ૬૦ થી ૮૦ રૂપિયા હતા તે વધીને ૧૪૦ થી ૧૮૦ રૂપિયા થયાં છે. પેટ્રોલનો લીટરનો ભાવ ૨૦૧૪માં ૬૪ રૂપિયા હતો તે વધીને અત્યારે ૧૦૦ સુધી પહોંચવા આવ્યો છે. મોંઘવારી સામે હલ્લાબોલ કરીને ભાજપે કેન્દ્રમાં સત્તા મેળવી હતી હવે છેલ્લા સાત વર્ષમાં સત્તાધારી પાર્ટીએ તમામ ભાવમાં બમણો ભડકો કરી દીધો છે તેમ છતાં લોકોને હજી લાગે છે કે આપણા અચ્છે દિન ચાલી રહ્યાં છે.

સરકારની ફાઇલો ઓનલાઇન નહીં ઓફલાઇન ચાલે છે...

કોરોના સંક્રમણના સમયમાં રાજ્યના શિક્ષણ વિભાગમાં સ્કૂલો અને કોલેજો ઓનલાઈન ચાલે છે પરંતુ ગુજરાત સરકારની ફાઈલો અત્યારે ઓનલાઈન નહીં પણ ઓફલાઈન ચાલે છે. કોઈપણ ફાઈલનું ટ્રેકીંગ જોવું હોય તો ફિઝિકલી જોવું પડે છે, કારણ કે ઓનલાઈનમાં ફાઈલની મુવમેન્ટ પ્રક્રિયા બંધ જેવી છે. સરકારે ઈન્ટીગ્રેટેડ વર્કફ્લો એન્ડ ડોક્યુમેન્ટ મેનેજમેન્ટ સિસ્ટ લાવી હતી અને તેના આધારે મુખ્યમંત્રીના સીએમ ડેશબોર્ડમાં ફાઈલની મુવમેન્ટ ખબર પડતી હતી પરંતુ કોરોના સંક્રમણના સમયથી એટલે કે છેલ્લા દોઢ વર્ષથી આઈડબલ્યુડીએમએસ બંધ જેવી હાલતમાં છે. તેમાં ફાઈલ ટ્રેકીંગ કરી શકાતું નથી. ફાઈલનો આખો નંબર યાદ હોય તો અનેક વિભાગોના ચક્કર લગાવ્યા પછી ફાઈલની સાચી દિશા માલૂમ પડે છે. સચિવાલયમાં ચાર વર્ષ પહેલાં ખાનગી કંપની પાસે સોફ્ટવેર તૈયાર કરાવ્યું હતું અને તેનું પેમેન્ટ પણ આપી દેવામાં આવ્યું છે. તપાસ કરતાં જાણવા મળ્યું છે કે સરકારના કેબિનેટ મંત્રીઓ અને વિભાગના આઈએએસ અધિકારીઓ આ સિસ્ટમ ફરી ચાલુ થાય તેવું ઈચ્છતા નથી. કેમ કે સરકારી ફાઈલ ઓનલાઈન થાય તો ખબર પડી જાય છે કે ફાઈલ ક્યા મંત્રી કે અધિકારીની ચેમ્બરમાં પેન્ડીંગ છે. રાજ્યના મુખ્યમંત્રીએ અંગત રસ લઈને આ સિસ્ટમને ફરી શરૂ કરાવવી જોઈએ કે જેથી અરજદારની ફાઈલ ક્યાં પડી રહી છે તેનો ખ્યાલ આવી શકે અને જવાબદાર અધિકારીને નશ્યત થઈ શકે.

રાજ્યના ૪૦ ટકા નાના વેપારીઓનું વ્યવસાય પરિવર્તન...

વૈશ્વિક મહામારીના કારણે ગુજરાતમાં માત્ર લોકોએ નોકરીઓ ગુમાવી નથી પરંતુ નાના વેપારીઓ અને ઉત્પાદકોએ તેમના બિઝનેસ બદલ્યા છે. રિટેઈલમાં બિઝનેસ કરતાં વેપારીઓએ અનેક કારણોસર ગ્રોસરી અને વેજીટેબલ માર્કેટમાં ઝંપલાવ્યું છે. લોકોની ખરીદશક્તિ બદલાઈ હોવાથી માત્ર જીવન આવશ્યક ચીજવસ્તુઓ પર વેપારીઓ અને ઉત્પાદકોનું ધ્યાન દોરાયું છે. શહેરોમાં ૪૦ ટકા નાના વેપારીઓએ તેમના ધંધા બદલ્યા છે. જેમની પાસે ઈનોવેટીવ આઈડિયા છે તેમણે ઓનલાઈન બિઝનેસ તરફ ઝૂકાવ્યું છે. આ બિઝનેસમાં તેઓ ઈ-કોમર્સની એપ્લિકેશન, વોટ્સઅપ અને અન્ય સોશ્યલ મિડીયા જેવા માધ્યમથી ડિલીવરી કરી રહ્યાં છે. ખાસ કરીને કાપડ ઉદ્યોગમાં મોટી મંદી છે. કાપડના નાના વેપારીઓએ પણ બિઝનેસ બદલ્યાં છે અને તેઓ ગ્રોસરી માર્કેટ તરફ વળ્યાં છે. કેટલાક વેપારીઓએ તો શાકભાજીનો બિઝનેસ શરૂ કર્યો છે. મોટા શહેરોમાં તો બિલ્ડરોએ પણ ગ્રોસરી બિઝનેસ તરફ ઝૂકાવ્યું છે. રાજ્યના ઉદ્યોગો અંગે સર્વેક્ષણ કરતી સંસ્થાના આંકડા પ્રમાણે ગુજરાતમાં અત્યારે પાંચ લાખ એમએસએમઈ યુનિટમાંથી ૭૫૦૦૦ જેટલા યુનિટોના સંચાલકોએ તેમનો બિઝનેસ રિસફલ કર્યો છે અથવા તો કરી રહ્યાં છે. આ યુનિટો પૈકી ૨૫૦૦થી વધુ સંચાલકોએ પોતાના મુખ્ય બિઝનેસને અન્ય વેપારમાં ડાયવર્ટ કર્યો છે. વેપાર બદલવાના કારણોમાં કોરોના સંક્રમણના કારણે સર્જાયેલી ખરાબ આર્થિક સ્થિતિ, ઈંધણના ભાવવધારાથી વધેલી મોંઘવારી, ગ્રાહકોની બદલાયેલી ખરીદશક્તિ, અનુભવી કર્મચારીઓ અને મજૂરોની અછત, નાણાંકીય ભીડ, બેંકોની જોહુકમી અને ગ્રાહકોનો અભાવ જવાબદાર છે.

ગુજરાતમાં નાના વેપારીઓનું બિઝનેસ પરિવર્તન, કોરોનાએ ઓરિજનલ બિઝનેસ છોડાવી દીધો છે ...

સાત વર્ષમાં મોંઘવારીનો માર છતાં કહેવાય છે અચ્છે દિન... ૨૦૧૪ સામે ૨૦૨૧ની સ્થિતિ વણસી છે ...

સિસ્ટમ ઓનલાઈન થાય તો સરકારી ફાઈલ કેટલા સમયથી ક્યાં પડી રહી છે તેની ખબર પડી જાય ...

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત